# Adhya Shakti Tujne Namu Bahuchara Lyrics | Arvind Barot, Bhavna Rana | Studio Sangeeta

આદ્યશક્તિતુજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
એ દીન જાણીને દયા કરો રે બહુચરા મુખે માંગુ તે થાય

આદ્યશક્તિતુજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
આદ્યશક્તિતુજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
દીન જાણીને દયા કરો રે બહુચરા મુખે માંગુ તે થાય
દીન જાણીને દયા કરો રે બહુચરા મુખે માંગુ તે થાય
આદ્ય શક્તિતુજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય

વાણી આપોને પરમેશ્વરી રે બહુચરા ગુણ તમારા ગવાય
વાણી આપોને પરમેશ્વરી રે બહુચરા ગુણ તમારા ગવાય
ચોસઠ બેની મળી સામટી રે બહુચરા માનસરોવર જાય
ચોહઠ બેની મળી સામટી રે બહુચરા માનસરોવર જાય

માન સરોવર જીલતા રે બહુચરા કરતા નિત્ય વિલાસ
માન સરોવર જીલતા રે બહુચરા કરતા નિત્ય વિલાસ
અરે શંકલપુર સોહામણું રે બહુચરા ત્યાં છે તમારો વાસ
શંકલપુર સોહામણું રે બહુચરા ત્યાં છે તમારો વાસ

સર્વે મળીને કીધી સ્થાપના રે બહુચરા ધરાવ્યુ બહુચર નામ
સર્વે મળીને કીધી સ્થાપના રે બહુચરા ધરાવ્યુ બહુચર નામ
સામસામા બે ઓરડા રે બહુચરા સોનુ ઘડે સોનાર
સામસામા બે ઓરડા રે બહુચરા સોનુ ઘડે સોનાર

એ ઘડ્યા બાંજુબંધ બેરખા રે બહુચરા ઘડ્યા એકાવન હાર
ઘડ્યા બાંજુબંધ બેરખા રે બહુચરા ઘડ્યા એકાવન હાર
એ પ્રથમ ચરિત્ર તમે કર્યાં રે બહુચરા માર્યો મહિષાસુર
પ્રથમ ચરિત્ર તમે કર્યાં રે બહુચરા માર્યો મહિષાસુર

શુંભ નિશુંભને હાથે હણ્યા રે બહુચરા બીજા અનેક અસુર
શુંભ નિશુંભને હાથે હણ્યા રે બહુચરા બીજા અનેક અસુર
રક્તબીજને તમે મારીયા રે બહુચરા રક્ત ચલાવ્યા પુર
રક્તબીજને તમે મારીયા રે બહુચરા રક્ત ચલાવ્યા પુર

એ મુવા તે મરઘા બોલાવીયા રે બહુચરા દેત્ય તણા ઘરમાંય
મુવા તે મરઘા બોલાવીયા રે બહુચરા દેત્ય તણા ઘરમાંય
ઘોડીમાંથી ઘોડો કર્યો રે બહુચરા સ્ત્રી માંથી પુરુષ
ઘોડીમાંથી ઘોડો કર્યો રે બહુચરા સ્ત્રી માંથી પુરુષ

હૈયુ નથી જોને હાલતુ રે બહુચરા પુણ્ય ગયું રે પાતાળ
હૈયુ નથી જોને હાલતુ રે બહુચરા પુણ્ય ગયું રે પાતાળ
હોમ હવન ત્યાં થાય છે રે બહુચરા શ્રીફળ ઘણા હોમાય
હોમ હવન ત્યાં થાય છે રે બહુચરા શ્રીફળ ઘણા રે હોમાય

એવા બ્રહ્મા ભણે છે ત્યાં વેદ જોને બહુચરા આનંદ ઉત્સવ થાય
બ્રહ્મા ભણે જોને વેદ ત્યાં બહુચરા આનંદ ઉત્સવ થાય
કર જોડીને વનિવે રે બહુચરા વલ્લભ તારો દાસ
કર જોડીને વનિવે રે બહુચરા વલ્લભ તારો દાસ

આદ્યશક્તિજને નમુ રે બહુચરા ગણપત લાગુ પાય
આદ્યશક્તિજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
દીન જાણીને દયા કરો રે બહુચરા મુખે માંગુ તે થાય
દીન જાણીને દયા કરો રે બહુચરા મુખે માંગુ તે થાય

આદ્યશક્તિજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
આદ્યશક્તિજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય
આદ્યશક્તિજને નમુ રે બહુચરા ગુણપત લાગુ પાય.

GujaratiLyrics.com